નવા ટેક્સ વિનાનું નવસારી મનપાનું 1,286 કરોડનું બજેટ

# નવસારી 'સ્માર્ટ-ગ્રીન' બનશે

**'ઝીરો વેસ્ટ** સિટી' બનાવવાના લક્ષ્ય સાથે ઈન્દોર મોડલ અપનાવવાનો નિર્ધાર

**નાગરિકોના** મળેલા સૂચનને સ્થાન, મૂળભૂત સુવિધાઓ માટે વિશાળ ફાળવણી



નવસારી: નવસારી મહાનગરપાલિકાએ વર્ષ 2026-27 માટે 1286 કરોડનું પ્રભાવશાળી બજેટ રજૂ કરીને શહેરના વિકાસને નવી ગતિ આપવાનો દાવો કર્યો છે. ટાઉન હોલમાં યોજાયેલી વિશેષ સામાન્ય સભામાં બજેટને મંજૂરી મળતા, ગયા વર્ષના 847 કરોડની સરખામણીએ આ વખતે મોટો વધારો નોંધાયો છે. નાગરિકો પર કોઈ નવો ટેક્સ લાદવામાં આવ્યો નથી. આ બજેટનું કેન્દ્રબિંદુ 'ગ્રીન નવસારી' છે. પર્યાવરણને પ્રાથમિકતા આપતા ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન, રેન વોટર હાર્વેસ્ટિંગ અને સોલર રૂફટોપ જેવી યોજનાઓને આગળ ધપાવવામાં આવી છે. શહેરને ટકાઉ અને પ્રદૂષણમુક્ત બનાવવા માટે આ પગલાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા ક્ષેત્રે પણ મનપાએ મોટી જાહેરાત કરી છે. નવસારીને 'ઝીરો વેસ્ટ સિટી' બનાવવાના લક્ષ્ય સાથે ઈન્દોર મોડલ અપનાવવાનો નિર્ધાર વ્યક્ત થયો છે, જેથી શહેર માત્ર સ્વચ્છ નહીં પરંતુ સુવ્યવસ્થિત પણ બને.

વિકાસ કાર્યોમાં ગતિ લાવવા માટે અગાઉના બજેટના 37 પ્રોજેક્ટમાંથી 8 પૂર્ણ થઈ ચૂક્યા છે અને બાકીના 29 કામો ઝડપી ગતિએ આગળ વધી રહ્યા છે. મુખ્ય માર્ગોના બ્યુટિફિકેશન અને ટાઉન હોલ જેવા પ્રોજેક્ટ્સ શહેરને આધુનિક બનાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ વખતનું બજેટ લોકોની ભાગીદારીથી તૈયાર કરવામાં આવ્યું છે. નાગરિકો પાસેથી મળેલા 20થી વધુ સૂચનોને સ્થાન આપી ડ્રેનેજ, શુદ્ધ પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ માટે વિશાળ ફાળવણી કરવામાં આવી છે.

બજેટમાં કુલ આવક 1378 કરોડ અને કુલ ખર્ચ 1286 કરોડ નિર્ધારિત છે. ગ્રીન એનર્જી, સ્માર્ટ સુવિધાઓ અને અસરકારક વેસ્ટ મેનેજમેન્ટના સંકલન સાથે નવસારીને સ્માર્ટ સિટી તરફ આગળ ધપાવવાનો દૃઢ સંકલ્પ આ બજેટમાં સ્પષ્ટ દેખાય છે. નવસારીને આધુનિક, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી શહેર બનાવવાની દિશામાં એક દમદાર પગલું સાબિત થઈ શકે છે.

## નવસારી જિલ્લામાં ૧૫ PSIની બદલી

નવસારીઃ નવસારી જિલ્લામાં ફરજ બજાવતા ૧૫ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની અલગ-અલગ પોલીસમથકો અને શાખાઓમાં બદલી કરવામાં આવી છે.ફેરબદલ મુજબ રીડર શાખાના વી.જે. પટેલને મરોલી પોલીસ સ્ટેશનમાં, જ્યારે એસ.ડી. પી.ઓ. કચેરીના એમ.એ. મોડને નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં નિમણૂક અપાઈ છે. મરોલીના કે.આર. ચાવડાને એસ.ડી. પી.ઓ. નવસારી કચેરીમાં અને જલાલપોરના આર.એન. વસાવાને મરીન પોલીસ સ્ટેશનમાં જવાબદારી સોંપવામાં આવી છે. મહિલા અધિકારીઓને પણ મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. અરજી શાખાના બી.ડી. જસોલીયાને મરોલી તથા ખેરગામના એમ.એમ. ગામીતને નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં મુકાયા છે. સાથે જ ગણદેવી, ચીખલી, વાંસદા, બીલીમોરા અને વિજલપોર સહિતના વિસ્તારોમાં પણ અધિકારીઓની અદલાબદલી કરાઈ છે.

## કાલે નહીં મળે તો, નવસારીમાં પેટ્રોલ પંપો પર લાઈન લાગી



■ નવસારી શહેરમાં પેટ્રોલ પંપો પર અચાનક ભારે ભીડ લાગી હતી. અનેક વિસ્તારોમાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે પરિસ્થિતિ સંભાળવા માટે પોલીસ તંત્રને દખલ આપવી પડી હતી. પોલીસની દેખરેખ હેઠળ પેટ્રોલ અને ડીઝલનું વિતરણ વ્યવસ્થિત રીતે કરવામાં આવી રહ્યું છે, જેથી કોઈ અવ્યવસ્થા ન સર્જાય. પંપ સંચાલકો પણ સતત પુરવઠો જાળવવા પ્રયાસ કરી રહ્યા છે, છતાં અચાનક વધેલી માંગને કારણે કેટલાક સ્થળોએ ભીડની સ્થિતિ ઊભી થઈ હોવાનું જોવા મળ્યું. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે ગેરસમજ કે અફવાઓને કારણે અતિશય ઈંધણ ભરાવવાની દોડ ન લગાવે અને શાંતિપૂર્ણ રીતે જરૂરીયાત મુજબ જ ઈંધણ મેળવે. હાલ સ્થિતિ નિયંત્રણમાં રાખવા માટે સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીના બોડવાંક ગામે 3.56 કરોડના ખર્ચે અદ્યતન અંતિમદામ સંકુલ બનશે



ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલી તાલુકાના બોડવાંક ગામે એનઆરઆઇ દાતા અને સરકારના સહયોગથી વિશાળ એરિયામાં ૩.૫૬ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન અંતિમધામ સંકુલનું નિર્માણ કરવામાં આવશે. ગામના એનઆરઆઇ દીપિકાબેન બાલુભાઈ પટેલ દ્વારા ૨.૬૬ કરોડ રૂપિયાનું માતબર દાન આપવામાં આવ્યું હતું. બોડવાંક, કાંગવઇ, રાનવેરી કલ્લા સહિતના ત્રણ ગામના લોકોને લાભ મળશે. બોડવાંક ગામના દાદરા ફળીયા વિસ્તારમાં નીરજ ખાડીના કિનારે અદ્યતન સ્મશાન ગૃહ સંકુલનું ખાતમુહૂર્ત મુખ્યદાતા બાલુભાઇ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ રાકેશભાઇ, ગામના સરપંચ રશ્મિબેન પટેલ, કાંગવઇના સરપંચ જયવર્ધન પટેલ, ટાંકલના દિનેશભાઇ, ચિતાલીના જગદીશભાઇ, ગકઅમના અગ્રણી પ્રકાશભાઇ, ભાજપ પ્રમુખ મયંકભાઇ, મહામંત્રી સમીરભાઇ સહિતનાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

### વાંસદાની હોમગાર્ડ યુવતીએ રાજ્ય કક્ષાએ ડંકો વગાડ્યો



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદાના કેલિયા ગામની વતની અને વાંસદા ખાતે હોમગાર્ડ તરીકે ફરજ બજાવતી સારા વિરલ ગાયને ગુજરાત રાજ્યકક્ષાની હોમગાર્ડ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને ત્રણ અલગ-અલગ સ્પર્ધામાં મેડલ હાંસલ કર્યા છે. જેમાં 100 મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. સાથે જ 200 મીટર દોડમાં દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ અને લાંબી કુદ સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. વાંસદા હોમગાર્ડ વિભાગ માટે પણ આ સિદ્ધિ ગૌરવની ક્ષણ બની છે.

### બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કારકિર્દી માર્ગદર્શન વર્કશોપનું આયોજન



કેરસી બારીયા

બીલીમોરાઃ બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધો.૧૦ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત દર્શન રાજાણીએ સરળ અને અસરકારક ભાષામાં ધો. ૧૦ પછીના વિવિધ કારકિર્દી વિકલ્પો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના અનુભવો અને વ્યવહારુ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવ્યું કે માત્ર માર્ક્સ નહીં, પરંતુ પોતાની રસ, ક્ષમતા અને સપનાઓને ઓળખીને કારકિર્દી પસંદ કરવી વધુ મહત્ત્વપૂર્ણ છે. સ્કૂલ દ્વારા વર્ષોથી આવા માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### વાપી સ્ટાર્ટઅપ કમ્યુનિટીએ ડુંગરામાં બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લીધી



વાપીઃ નવીનતા અને પ્રેક્ટિકલ લર્નિંગને જોડવાના ઉદ્દેશ સાથે વાપી સ્ટાર્ટઅપ કમ્યુનિટીએ શનિવારે વાપીના ડુંગરામાં હાઇ-સ્પીડ રેલ કોરિડોર (બુલેટ ટ્રેન સ્ટેશન)ની ખાસ મુલાકાતનું આયોજન કર્યું હતું. ભાગ લેનારાઓએ ભારતના મહત્વાકાંક્ષી હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ વિશે નજીકથી જાણકારી મેળવી તેમજ ભીલાડમાં આવેલા આ કોરિડોરના એકમાત્ર ટનલ વિશે પણ સમજ મેળવી હતી. આ દરમિયાન આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ અને ભવિષ્યના પરિવહન વિશે માહિતી મેળવી હતી. આ સત્રનું આયોજન માસના હોસ્ટ મનીષ જૈન દ્વારા કરવામાં આવ્યું અને પ્રોગ્રામ ચેર એન્જિ. પાર્થિવ મહેતાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## ચીખલીના ઢોલુમ્બરમાં ઔદ્યોગિક મંજૂરી સામે રોષ

**વિવાદીત** મંજૂરી રદ કરવા મામલતદારને રજૂઆત

**જમીન બિનખેતીની થઈ અને પ્રોપર્ટી કાર્ડ પણ બની ગયાં!**

ઢોલુમ્બર ગામમાં જે જમીનમાં તંત્ર દ્વારા ઔદ્યોગિક હેતુની મંજૂરી આપવામાં આવી છે. એ જમીન ૭૩-એએ નિયંત્રિત સતા પ્રકારની હોય તેવામાં ગ્રામજનોની લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ જાતની મંજૂરી કે ઠરાવ આપવામાં આવેલ નથી તેવા સંજોગોમાં આ જમીન કેવા સંજોગોમાં બિનખેતીની થઈ અને પ્રોપર્ટી કાર્ડ પણ બની ગયા તે પણ તપાસનો વિષય છે.

ઘેજઃ ચીખલીના છેવાડાના ઢોલુમ્બર ગામની ખાનગી જમીનમાં ગ્રામ પંચાયતના કોઈપણ ઠરાવ કે મંજૂરી વિના તંત્ર દ્વારા આપવામાં આવેલા ઔદ્યોગિક હેતુ માટેની મંજૂરી સામે ગામના સરપંચ સહિતના ગ્રામજનો દ્વારા મામલતદાર, પ્રાંત, ટીડીઓ સમક્ષ લેખિત વાંધો રજૂ કરી વિરોધ કરવામાં આવ્યો છે.

ઢોલુમ્બર ગામના સરપંચ ભરતભાઇ ઉપરાંત વોર્ડ સભ્યો સહિતના ગ્રામજનો દ્વારા પ્રાંત, મામલતદાર, ટીડીઓને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે ઢોલુમ્બર ગામના બ્લોક નંબર ૧૯૬ અને ૧૭૨ માં જે ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી આપવામાં આવી છે. જે ગેરકાયદે જણાઈ આવેલી છે અને જે બાબતે ૨૬/૦૮/૨૦૨૫ ના રોજ લેખિતમાં અરજી પણ આપી હતી. જે બાબતે આજદિન સુધી કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી. વધુમાં ગ્રામજનો દ્વારા લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે તલાટી કમ મંત્રી દ્વારા ગ્રામ પંચાયત તરફથી ઔદ્યોગિક હેતુ માટે કોઈપણ જાતનો ઠરાવ જે મંજૂરી આપવામાં આવી નથી, તે બાબતનું પ્રમાણપત્ર લેખિતમાં આપવામાં આવ્યું છે. જેથી જે ઔદ્યોગિક હેતુ માટેની નોંધ પાડીને મંજૂર કરવામાં આવી છે. જેથી તાત્કાલિક અસરથી રદબાતલ કરવા માટેની માંગ કરવામાં આવી છે. ઢોલુમ્બર ગામમાં ઔદ્યોગિક હેતુની મંજૂરી સામે ખુદ સરપંચ સહિતના આગેવાનો દ્વારા લેખિત વાંધો રજૂ કરી આ મંજૂરીને રદબાતલ કરવાની માંગ કરવામાં આવી છે.

## કબીલપોરથી ગ્રીડ રોડ 24 મીટર કરવા કવાયત

**ડિમોલિશનની** પ્રક્રિયા તેજ ગતિએ



નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના વધતા ટ્રાફિક દબાણને કાબૂમાં લેવા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે કબીલપોરથી ગ્રીડ વિસ્તાર સુધીના માર્ગને ૧૮ મીટરથી વિસ્તારીને ૨૪ મીટર કરવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. હાલ ડિમોલિશનની પ્રક્રિયા તેજ ગતિએ ચાલી રહી છે, જેમાં માર્ગ વિસ્તરણ માટે અવરોધરૂપ બાંધકામોને નિયમો મુજબ દૂર કરવામાં આવી રહ્યા છે.

મહાનગરપાલિકા તંત્રએ દાવો કર્યો છે કે સમગ્ર કામગીરી કાનૂની માપદંડો અને સંપૂર્ણ પારદર્શિતાથી હાથ ધરાઈ રહી છે, જેથી નાગરિકોને ઓછામાં ઓછી અસુવિધા થાય. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ કબીલપોરથી ગ્રીડ વચ્ચેનો માર્ગ વધુ વિશાળ અને સુગમ બનશે, જેના પરિણામે ટ્રાફિક જામમાં નોંધપાત્ર ઘટાડો થશે, અકસ્માતોની સંભાવના ઓછી બનશે અને નાગરિકોને ઝડપી અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે.

આ માર્ગ વિસ્તરણથી શહેરના વિવિધ વિસ્તારો વચ્ચે કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે, જે નવસારીના આંતરિક પરિવહનને નવી દિશા આપશે. સમય અને ઈંધણની બચત સાથે શહેરના વિકાસને પણ વેગ મળશે.

## ગેસ સિલિન્ડર અફવાઓ પર નવસારી પોલીસ એક્શન મોડમાં

નવસારીઃ નવસારી જિલ્લામાં ગેસ સિલિન્ડર અંગે સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓને લઈને પોલીસ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે ચેતવણી આપી છે કે ખોટી અને ભ્રામક માહિતી ફેલાવનાર સામે હવે સીધી કાયદેસરની કાર્યવાહી થશે. તાજેતરમાં સિલિન્ડર અછત અને સ્ટોક અંગેના પાયાવિહોણા મેસેજો ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે લોકોમાં બિનજરૂરી ગભરાટ ફેલાઈ રહ્યો છે. પોલીસે સ્પષ્ટ કહ્યું છે કે આવી અફવાઓ પર વિશ્વાસ કરવો નહીં અને ચકાસણી વગર કોઈ મેસેજ ફોરવર્ડ કરવો નહીં. અધિકૃત માહિતી માટે માત્ર સરકાર અને માન્ય ગેસ કંપનીઓના સ્રોતો પર જ ભરોસો રાખવા અપીલ કરવામાં આવી છે. જો કોઈ શંકાસ્પદ મેસેજ કે પોસ્ટ નજરે પડે તો તરત જ પોલીસને જાણ કરવા કહેવામાં આવ્યું છે.

## બીલીમોરાના ગોહરબાગમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

**એક** બાઈક બળીને ખાખ, જાનહાનિ ટળી



કેરસી બારીયા

બીલીમોરાઃ બીલીમોરાના ગોહરબાગ વિસ્તારમાં આવેલા શક્તિ એપાર્ટમેન્ટમાં સોમવારની વહેલી સવારે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેની ચપેટમાં ત્યાં પાર્ક કરેલી એક મોટરસાઈકલ આવી જતાં તે સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

વહેલી સવારનો સમય હોવાથી અને રહીશો નિદ્રાધીન હોવાથી શરૂઆતમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ બીલીમોરા ફાયર વિભાગની ટીમ તા ત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર ફાઈટરોની સમયસૂચકતા અને વહેલી સવારે ટ્રાફિક ન હોવાને કારણે ગાડીઓ ઝડપથી પહોંચી ગઈ અને આગને આજુબાજુના વાહનો કે ઉપરના માળે પ્રસરતી અટકાવી દેવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ઈલેક્ટ્રિક મીટરો અને વાહનને મોટું નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ડાંગનાં જંગલોમાં પ્રાણીઓ માટે કૃત્રિમ પાણીના સ્ત્રોતોની વ્યવસ્થા



ગિરીશ ભોયે

■ સાપુતારાઃ ડાંગ જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જંગલ વિસ્તારમાં વસતા જંગલી પ્રાણીઓ માટે પાણીની અછત ઊભી થવાની સંભાવના વચ્ચે ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી. એફ.મુરાલીલાલ મિણા દ્વારા સરાહનીય અને માનવતાભર્યું પગલું લેવામાં આવ્યુ છે. ઉત્તર વન વિભાગ દ્વારા જંગલના વિવિધ વિસ્તારોમાં નાના તળાવો, કુંડ તેમજ પાણી સંગ્રહ માટેના ખાડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પાણીના ટેન્કર મારફતે નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે, જેના કારણે ઉનાળાની તીવ્ર ગરમીમાં પણ જંગલી પ્રાણીઓને સરળતાથી પાણી ઉપલબ્ધ બની રહ્યું છે.



ગિરીશ ભોયે

## વઘઈ ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે RTOની તપાસ કે ઉઘરાણી?

સાપુતારાઃ ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ ખાતે આરટીઓ વિભાગની શંકાસ્પદ કામગીરીએ સરકારી તંત્રને શરમજનક સ્થિતિમાં મૂકી દીધું છે. વઘઈ નજીક ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે આરટીઓની સરકારી ગાડી રસ્તા કિનારે ઊભી રાખી પસાર થતી ટ્રક, બસ અને અન્ય વાહનોને રોકી 'તપાસ'ના બહાને રોકડ નાણા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ વાહનચાલકો કરી રહ્યા છે. વાહનચાલકોના ગંભીર આક્ષેપ મુજબ, કોઈ સત્તાવાર રસીદ આપવામાં આવતી નથી અને કાયદેસરની દંડ પ્રક્રિયા વિના જ નાણા વસૂલવામાં આવે છે. સ્થળ પર નજરે પડતા દ્રશ્યો પણ આક્ષેપોને વધુ મજબૂત બનાવે છે. રાજ્ય સરકાર પારદર્શિતા અને ડિજિટલ સિસ્ટમની વાત કરે છે, આ ગંભીર મુદ્દે તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરી જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ ઊઠી રહી છે.

## ડાંગ જિલ્લા સંકલન-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

સાપુતારાઃ ડાંગ જિલ્લા સેવા સદન-આહવા ખાતે જિલ્લા કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. ગ્રામ્ય પ્રશ્નોનું નિરાકરણ લાવવાં અંગે વિવિધ વિભાગના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, એ.જી.ઓડીટ, બાકી તુમાર/ કેસો/ પ્રકરણો, વગેરે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. જિલ્લા સંકલન સમિતિની બેઠકની સાથે કાયદો અને વ્યવસ્થા, રોડ સેફ્ટી કમિટી, ટ્રાફિક સલાહકાર સમિતિ, ધાર્મિક દબાણ, બોગસ દસ્તાવેજો અને લેન્ડ ગ્રેબિંગ જેવી શ્રેણીબદ્ધ બેઠકો યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, ઉત્તર નાયબ વન સંરક્ષક મુરારીલાલ મીણા, દક્ષિણ નાયબ વન સંરક્ષક નિરજ કુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


### ટેન્ડર નોટિસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મલવાડા પ્રા. શાળા તા. ચીખલી જિ. નવસારીની શાળાના (4) ચાર ઓરડા તોડીને લઈ જવા સહિતના ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. બંધ કવરમાં રૂ. 20,000/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકનો મુ.શિ. શ્રી મજીગામ પ્રા. શાળાનો અવશ્ય બિડાણ કરવાનો રહેશે.

(1) ભાવપત્રક લઈ જવાની તારીખ સમાચાર પત્રમાં આપેલ જાહેરાતના દિનથી તા. 28-03-2026 સુધી શાળા સમયે મળશે.
(2) ભાવપત્રક જમાં કરવાની અંતિમ તારીખ 28-3-2026ને શનિવારના દિને- 11:30 કલાક સુધીની રહેશે.
(3) ભાવપત્રક મંજુર/નામંજુર કરવાની સત્તા શાળા એસએમસીની રહેશે. કોઈપણ કારણ બતાવવામાં આવશે નહી. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
(4) ભાવપત્રક ખોલવાની તારીખ 30-03-2026ના રોજ 12:00 કલાકે મજીગામ પ્રા. શાળા પર થશે.
(5) ભાવપત્રક ફી રૂપિયા 500/- રોકડા (નોન રિફંડેબલ)

સ્થળઃ- મજીગામ પ્રા. શાળા તા.ચીખલી જિ. નવસારી
નોંધ- ભાવપત્રક મજીગામ શાળા પરથી જ મળશે.

મુ. શિક્ષક
મજીગામ પ્રા.શાળા

એસએમસી અધ્યક્ષશ્રી
શાળા વ્યવસ્થાપન સમિતિ
મજીગામ-ચીખલી

### ટાઈટલ અંગેની નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે જીલ્લો નવસારી તાલુકો નવસારી મોજે ખડસુપા ગામના રેવન્યુ દફતરે (૧) ખાતા નં- ૪૨૧ જેનો બ્લોક નંબર -૯૫૦/અ થી નોંધાયેલી હે.આરે.ચો.મી. ૦-૨૬-૭૨ તથા (૨) ખાતા નં. ૪૨૧ જેનો બ્લોક નંબર -૯૫૦/બ થી નોંધાયેલી હે.આરે.ચો.મી. ૦-૧૭-૬૦ ખેતીની જુની શરતની પિયત જમીન બાબુભાઈ વલ્લભભાઈ પટેલ રહે. મોટા કોળીવાડ, વેગામ, તા.ગણદેવી, જી. નવસારી (હાલઃ યુ.કે.) ના માલિકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલ હોય, સદર મિલકતમાં કોઈનો ટાઈટલ અંગે વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દર, દાવો, તર-તકરાર, હીત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી લેખિતમાં દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઈ વ્યકિત કે સંસ્થા ના કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું બાકી નથી. અને હોય તો જતો કરેલો છે એમ માની હમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજો કરી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યક્તિઓને કાઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે,
મારી મારફત,

તા. ૨૧-૦૩-૨૦૨૬

નિલેશ એસ પટેલ (એડવોકેટ) મો. નં. 9727289145
વિપુલ ટી પટેલ (એડવોકેટ) મો. નં. 9313121896

ઓફીસઃ ૧૪૮, પહેલા માળે, આત્મીય કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, તા.ગણદેવી, જી.નવસારી - ૩૯૬૩૬૦